ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૬ ટકા

# શહેરની ગૃહીણીઓને ખરીદીમાં સાવધાની જરૂરી

ગાંધીનગર, તા.૧૫
નગરમાં કોરોનાના કેસ વધવાને કારણે ગાંધીનગર રેડ ઝોન ડીકલેર કરવામાં આવ્યું છે. જ્યારે જે વિસ્તારમાંથી કેસ મળ્યા છે તે વિસ્તારને કન્ટેન્ટમેન્ટ જાહેર કરવામાં આવ્યો છે. છેલ્લા અઠવાડિયાથી શાકભાજી ફ્રુટ કે કરિયાણાની દુકાનોને બંધ રાખવામાં આવી હતી પરંતુ હવે સરકાર દ્વારા મર્યાદિત સમય સુધી આંશિક છૂટછાટ આપવાનું જાહેર કરવામાં આવ્યું છે ત્યારે નગરજનોએ હવે તકેદારી રાખીને ઘરની બહાર નીકળવું પડશે તેમાં પણ ખાસ ગૃહિણીઓએ સાવચેતીના પગલા લેવા જરૂરી બન્યા છે. ઘરમાંથી નાના બાળકો અને વૃદ્ધો ઘરની બહાર ન જાય અને પતિ




ઓફિસ ગયા હોય ત્યારે જરૂરિયાતની વસ્તુ લેવા કરવા માટે ઘર બહાર નીકળવું પડે છે. દરેક ગૃહિણીએ કોરોનાથી ડર્યા વગર અમુક સાવચેતીના પગલાં લઈને ચાલવાની જરૂર છે. જો આમ કરવામાં આવે તો કોરોનાનો ચેપ લાગવાની સંભાવના નહિવત છે.

હાલના સમયમાં જો વર્ષો જૂની આદતમાં અમુક જરૂરી બદલાવ નહીં આવે તો કોરોનાને માત આપી શકવામાં તકલીફ પડશે. માટે થોડીક અમસ્તી આદતોને બદલી અને નવી આદતોને અપનાવવાથી કોરોનાથી બચી શકાય છે. જે માટે સરકાર દ્વારા હાલના સમયે જરૂર એવા સાવચેતીના પગલા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જે સંદર્ભે ઘરની બહાર નીકળતા જ માસ્ક પહેરવું જરૂરી છે, બને તો બાળકો અને વડીલોને દુકાન પર ન લઈ જવા, લારી કે ગલ્લા પાસે ભીડમાં ઊભા ન રહેવું, શરમ સંકોચ વગર થેલી કે ડોલ લઈને જાવ, શાકભાજીને અડવું નહીં તેને બદલે સીધા જ ફેરિયા પાસેથી થેલી કે ડોલમાં લેવા, શાકભાજી લેવા જાવ તો બીજે ક્યાંય પણ અડયા વગર સીધા ઘરે આવી જવું, દુકાનદારે બનાવેલા સોશીયલ ડીસ્ટન્સિંગનું પાલન કરવું, દુકાનમાં ટહેલવાનુ અને દુકાનની ચીજવસ્તુઓને અડવાનું ટાળવુ, વારંવાર ખરીદી કરવા ના નીકળવું પડે એ રીતે આયોજનબદ્ધ ખરીદી કરવી, શક્ય હોય ત્યાં સુધી ડિજિટલી પેમેન્ટ કરવું, શોપિંગ કર્યા પછી સીધા ઘરે આવીને સૌપ્રથમ ખરીદીને લાવેલ ચીજવસ્તુઓને પાણીથી ધોવી તેમાં ખાસ શાકભાજીને ૧૫ મિનિટ સુધી પાણીમાં પલાળી રાખવા ત્યારબાદ જ ધોઈને મુકવા આ ઉપરાંત સાબુથી હાથ મો ધોઈ લેવું.

આમ કોરોનાથી બચવા કેટલીક નવી આદતો અપનાવવી હવે જરૂરી બની છે. ડરીને કામ નહીં ચાલે, કોરોના સાથે હવે જીવવું પડશે.

## મધુર પાર્લર પર શાકભાજી-કેરી મળશે

છેલ્લા ઘણા દિવસોથી શાકભાજી શહેરમાં મળવાનું બંધ થતા વસાહતીઓ પરેશાન થઈ ચૂકયા હતા. વસાહતીઓને હવે મધુરના શાકભાજી મળે તેવી વ્યવસ્થા ગોઠવાઈ ચુકી છે. મધુર પાર્લર પર હવેથી દરરોજ શાકભાજી અને કેરી મળશે.

લોકડાઉનના સમયમાં મધુર ડેરીના શાકભાજીનું ચલણ વધ્યું છે. નાની મોટી સોસાયટીઓ દ્વારા ઓર્ડર આપી મધુરના શાકભાજી ઘર બેઠા મંગાવવામાં આવે છે. બલ્કમાં ઓર્ડર અગાઉથી લખાવીને છેક સોસાયટીના મેઈન ગેટ સુધી શાકભાજી પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત મધુર પાર્લર સહિતના વિવિધ પોઈન્ટ ઉપર શાકભાજીનું વેચાણ થાય છે. જો કે છેલ્લા એક અઠવાડિયાથી સંપૂર્ણ લોકડાઉનના પગલે મધુરના શાકભાજીનું વેચાણ અટકયું હતું. પરંતુ હવે શાકભાજીના વેચાણને છુટ્ટી મળતા મધુર ડેરી દ્વારા ઘ-૫ પાર્લર અને મેઈન ગેટ પાર્લર પર રાબેતા મુજબ શાકભાજી મળશે. બટાટા, ડુંગળી, મરચા, ટામેટા, ભીંડા, ગવાર અને લીંબુનું વેચાણ શરુ થશે. આ ઉપરાંત કેસરકેરીનું ૧૦ કિલોનું બોકસ ૮૦૦રૂ.ના ભાવે મળશે.



હાલમાં સૌના માટે કપરો સમય ચાલી રહ્યો છે. ધંધા રોજગાર બંધ છે. નાગરિકો ઘરકેદમાં છે. આ કપરો સમય ઝડપથી પૂરો થાય તેવી સૌ કોઈ પ્રાર્થના કરી રહ્યા છે. જનજીવન કયારેકતો સામાન્ય થશે, ઝડપથી જનજીવનમાં નવો સંચાર થશે તેવી આશા લઈને ફૂટપાથ પર બેઠેલો આ ભરવાડ ભારતની સામાન્ય જનતાનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે.



કોરોના મહામારી સામેની લડતમાં સૌ કોઈ પોતપોતાની રીતે યોગદાન આપી રહ્યા છે. ગાંધીનગર હોમિયોપેથીક એસોસિએશનના અને ડભોડાના ઉત્સાહી ડૉ. અમિત રાઠોડ દ્વારા સમાજ પ્રત્યેની સેવા કરવાની લાગણીના ભાગ રૂપે ગુરુવારે સેકટર-૨૪ના પીળા પટ્ટા વિસ્તાર, હરસિદ્ધ નગર, ઈન્દિરા નગર તેમજ ગાંધીનગર શહેર તથા ડભોડા પોલીસ સ્ટેશનની તમામ ચેક પોસ્ટ ઉપર ફરજ બજાવતા પોલીસ જવાનોને રોગ પ્રતિકારક શક્તિ વધારતી હોમિયોપેથીક દવાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા કોરોના સામે લડવા જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકામાં પણ હોમિયોપેથીની આ દવાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ચંદ્રાલા પાસે ટ્રાવેલર ગાડીમાંથી વિદેશી દારુની ૪ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૫
ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ચંદ્રાલા ગામ પાસે મહારાષ્ટ્ર પાર્સિંગની ખાનગી ટ્રાવેલર ગાડીમાંથી વિદેશી દારુની ૪ બોટલ ઝડપી પાડી છે. ચિલોડા પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન હિંમતનગર તરફથી એક ટ્રાવેલર ગાડી આવી રહી હતી. જેમાં ડ્રાઈવર તેમજ એક શખ્સ સવાર હતો. પોલીસે ગાડી ચેક કરતા અંદર બેઠેલા શખ્સના થેલામાંથી વિદેશી દારુની ૪ બોટલ મળી આવી હતી. શંકર મારુતિ પંડવાલ (ઉં.૩૬ કોપરખેરની, નવી મુંબઈ)ને દારુ અંગે પુછતા તેણે સંતોષકારક જવાબ આપ્યો ન હતો. ચિલોડા પોલીસે રૂ.૨ હજારની કિંમતની ૪ દારુની બોટલ જપ્ત કરીનો શંકર પડવાલ સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

### ચિરવિદાય

- સ્વ. પટેલ શારદાબેન દયારામ, ઉ.વ. ૯૦
- સ્વ. બબીતાબેન વિસાજી સોલંકી, ઉ.વ. ૭૫




મંદિરો સહિત તમામ ધાર્મિક સ્થાનો હાલમાં બંધ છે. લોકો ઘરમાં બેસી ઈશ્વરનું સ્મરણ કરી રહ્યા છે. મંદિરમાં શ્રધ્ધાળુઓ ન આવતા મંદિરની બહાર ભિક્ષા માંગતા ભિક્ષુકો કફોડી હાલતમાં મુકાયા છે. તેઓ હવે રસ્તા પર આવી જતા લોકો પાસે હાથ લંબાવવા મજબૂર થયા છે.


# વિપ્ર ફાઉન્ડેશન ગુજરાત એકમના હોદ્દેદારોની ઓનલાઈન મીટિંગ યોજાઈ

## સંસ્થાએ દેશભરમાં ૭ લાખ જેટલા માસ્કનું વિતરણ, પરશુરામ અન્ન પ્રસાદ અને ૨ કરોડ ૨૩ લાખ મંત્રોચ્ચાર દ્વારા ધાર્મિક અનુષ્ઠાન કર્યા

ગાંધીનગર, તા. ૧૫
વિપ્ર ફાઉન્ડેશન ગુજરાતના કારોબારી અને કાર્યકારી સમિતિના સભ્યોની ઓનલાઈન મીટિંગ વિફાના ગુજરાત પ્રાંત પ્રમુખ તુલસીભાઈ રાજપુરોહિત, રાષ્ટ્રીય કન્વીનર સુશીલ ઓઝા જી, પ્રાંત પ્રધાન મુકેશકુમાર વ્યાસની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

રાષ્ટ્રીય કન્વીનર સુશીલ ઓઝાએ મીટીંગને સંબોધિત કરતા વિપ્ર ફાઉન્ડેશન દ્વારા તા.૧૭મી મે ના રોજ પરશુરામ જયંતી ઉજવણી માટે આયોગ્ય સિધ્ધિ સંકલ્પ દિવસમાં ગુજરાત એકમ દ્વારા કરાયેલા સહયોગ માટે ગુજરાત કારોબારી અને કાર્યકારી સમિતિના સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો. રાષ્ટ્રીય કારોબારી બેઠકની માહિતી પણ આપવામાં આવી હતી. આ સાથે જ તેમણે ગુજરાત એકમ દ્વારા સમયાંતરે કરવામાં આવતી સામાજિક સમરસતાની પ્રવૃત્તિઓની પણ પ્રશંસા કરી. કોવિડ-૧૯ના આ સંકટને પગલે વિપ્ર ફાઉન્ડેશન દ્વારા દેશભરમાં ૭ લાખ જેટલા માસ્કનું વિતરણ, પરશુરામ અન્ન પ્રસાદ અને ૨ કરોડ ૨૩ લાખ રોગચાળો નાશ કરનારા મંત્રો દ્વારા ધાર્મિક અનુષ્ઠાન કરીને અલગ ઓળખ બનાવી છે.

આ ઓનલાઈન સભાને સંબોધન કરતી વખતે પ્રાંત પ્રમુખ તુલસીભાઈ જી. રાજપુરોહિત સંગઠનની સૂચના મુજબ આગામી કાર્યક્રમોમાં ગુજરાત હંમેશા અગ્રેસર રહેશે. પ્રાંત મહામંત્રી, મુકેશકુમાર વ્યાસે તમામ સભ્યો અને અધિકારીઓને સંગઠનાત્મક સમર્થન અને નવા પરિમાણો પૂરા પાડવા હાકલ કરી છે. આ બેઠકમાં અનિલ ક્ષોત્રીય, બરોડા ચેપ્ટરના કમલેશ શર્મા, આણંદના નરેન્દ્ર




જી શર્મા, દિનેશ પંચોલી, નરેન્દ્ર જી.રાજપુરોહિત, આર.ડી. વ્યાસ, ગિરધારી રાજપુરોહિત, રામસિંહ રાજપુરોહિત, દેવેન્દ્ર શાસ્ત્રી, ગણેશ પૌરીક, નરેશ જોષી ગાંધીનગરથી, મનિષ જોશી, ઘનશ્યામ જી.સેવાગ, સુરતથી મીઠલાલ જી.પલીવાલ, વિનોદ જી. સારસ્વત, દિનીશ જી. શર્મા, રાજેશ શર્મા, ઘેવરચંદ્ર જી, શશી સુરવત જી, શ્રીમતી કમના શર્મા, નીતુ શર્મા, રીમા શર્મા, સવિતા જોશી, સુનિતા ઉપાધ્યાય ના મહિલા પાંખ તેમણે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા અને આગામી સમયમાં વિપ્ર ફાઉન્ડેશનને મજબૂત બનાવવાનો સંકલ્પ કર્યો હતો.




કોરોના વાયરસના કહેર વચ્ચે ગાંધીનગર શહેરમાં સેવાકીય સંસ્થાઓ અને નાગરીકો દ્વારા સેવાકીય કામગીરી કરવામાં આવી રહી છે. શહેરના સેકટર-૨૨ ખાતે આવેલ મહેશ્વરી બેકરીના માલીક નરેન્દ્રભાઈ રાવલ દ્વારા હળદર, લીંબુ, સંચળ અને આદુનો ઉકાળો તૈયાર કરવામાં આવે છે. રોજનો પાંચ લીટરથી વધુ ઉકાળો લૉકડાઉનમાં ફરજ બજાવતા પોલીસ જવાનોને નિયમિત પીવડાવવામાં આવે છે. આ નિવૃત્ત કર્મચારી દ્વારા ઉકાળાના સેવાકીય કામ ઉપરાંત સીએમ રીલીફ ફંડમાં એક લાખ રૂપિયાનું યોગદાન પણ આપવામાં આવ્યું છે. નાગરિકની રોગ પ્રતિકારક શકિતમાં વધારો કરે તેવો ઉકાળો સે-૨૮ સર્કલ, ચ-૭, સે-૩૦ સર્કલ, પાલજ, ચિલોડા અને ચ માર્ગ પર ફરજ બજાવતા તમામ જવાનોને નિયમિત આપવામાં આવે છે અને પોલીસ જવાનો પણ આ ઉકાળો પીવા માટે નરેન્દ્રભાઈની આવવાની રાહ જોતા હોય છે.



શાળા-કોલેજો બંધ છે. યુવાધન ઘરમાંથી બહાર કયારે નીકળશે તેનો ઈન્તજાર કરી રહ્યું છે. મોબાઈલમાં ગેમ રમી સમય પસાર કરી રહેલા યુવાનોની સાથે એવા ઘણા યુવાનો છે જેઓ સર્જનાત્મક પ્રવૃત્તિ તરફ પણ વળ્યા છે. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી શુભમ શૈલેન્દ્ર સોલંકીએ લોકડાઉનના સમયમાં સમયનો સદઉપયોગ કરી પોતાની ફેવરીટ સિંગર ધ્વની ભાનુશાળીનું ખૂબ જ સુંદર ચિત્ર બનાવ્યું છે. માત્ર પેન્સિલ શેડીંગથી ચિત્રો બનાવવાનો તેનો પ્રયાસ સરાહનીય છે.

# કોરોના વાયરસ અટકાવવા ચંદ્રાલા ગામનો સેનેટાઈઝેશન કરાયુ

કોરોના વાઈરસ કોવિડ-૧૯ની મહામારીમાં ગ્રામ્યકક્ષાએ સ્થાનિક સંસ્થાઓ દ્વારા કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા સેનેટાઈજેશનની કામગીરી કરી રહ્યા છે. ત્યારે ચંદ્રાલા ગામે ચંદ્રાલા સેવા સહકારી મંડળી અને ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ.બેંક અમદાવાદના સંયુક્ત ઉપક્રમે કોરોના વાયરસના ઉપદ્રવમાંથી મુક્તિ મેળવવા માટે સમગ્ર ગામમાં સેનેટાઈઝેશન કરવામાં આવ્યુ હતુ. આ ઉમદા કાર્યમાં ચંદ્રાલા સેવા મંડળીના ચેરમેન ગૌતમભાઈ પટેલ, સેવાભાવી કાર્યકરો કલ્પેશભાઈ પટેલ, કનુભાઈ પટેલ, શનાભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ તથા પુંજાભાઈ પટેલ સહયોગી બન્યા હતા.




# શહેરમાં માસ્ક વિના ફરતા નાગરીકો સામે પોલીસની કાર્યવાહી

ગાંધીનગર, તા.૧૫
ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકના પોલીસ જવાનો દ્વારા સેકટર-૩ બી કન્ટેન્મેન્ટ ઝોનમાં શુક્રવારના રોજ ડ્રોન દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં મોં પર માસ્ક વિના ફરતા નિકુંજ રણછોડભાઈ પટેલ, નિકુંજ નિલેષભાઈ રાવલ, નિલેશ ચંદુભાઈ રાવલને પોલીસે પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી કરી હતી. જયારે સેકટર-૧૨ ખાતે ગણેશ પાર્લર નામની દુકાન ખુલ્લી રાખી મોઢા પર માસ્ક પહેર્યા વિના ગ્રાહકોને ચીજવસ્તુઓનું વેચાણ કરતા વસંતભાઈ શંકરભાઈ પટેલ, અને સાદરા મોતીપુર ગામે કિરાણા સ્ટોર ખુલ્લો રાખનાર કનુભાઈ ભીખાભાઈ પટેલને પકડી પાડ્યા હતા. તે ઉપરાંત રૂપાલ બસ સ્ટેન્ડ પાસે થેલીમાં સામાન રાખીને ગુટખાનું વેચાણ કરનાર નિલ્પેશકુમાર ઉર્ફે મોટલો રમેશભાઈ પટેલને પોલીસે ઝડપી પાડ્યો હતો. લોકડાઉનમાં આલમપુર ગામે પાન પાર્લર ખુલ્લુ રાખનાર ધનાજી કેશાલજી સોલંકી, તેમજ સેકટર-૨૬ ગ્રીનસીટી વિસ્તારમાં શાકની લારી નીકાળીને વેચાણઅર્થે નીકળેલા રામાભાઈ બબાભાઈ દંતાણી અને પચંદેવ મંદિર પાસે વિજય કિશન દંતાણીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જયારે લોકડાઉનમાં પણ કામ વિના બહાર આંટાફેરા મારતા નાગરીકો સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.જેમાં સેકટર-૧૨ માંથી ૧, વાવોલમાંથી ૨, રૂપાલ ગામેથી ૧, ડભોડા પાસેથી ૨, વલાદ ગામથી ૧, ચિલોડા સર્કલ પાસેથી ૧, ચેખલારાણી થી ૨, માધવગઢથી ૧, દશેલાથી ૨ અને આલમપુર ગામથી વિવિધ જગ્યાએથી ૪ નાગરીકોને પકડી પાડી તપાસ હાથ ધરી હતી.




# કડી કેમ્પસમાં ‘હેલ્થી એટ હોમ ફિઝિકલ એન્ડ મેન્ટલ’ વિષયે વેબીનાર

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન એસ.કે પટેલ ઈન્સ્ટીટયુટ દ્વારા હાલના લોકડાઉનના સમયમાં ‘હેલ્થી એટ હોમ ફિઝિકલ એન્ડ મેન્ટલ’ વિષય ઉપર ગુરુવારે રોજ ડીન ડો. ભાવિન પંડ્યાના માર્ગદર્શન હેઠળ એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાણીતા ડાયેટીશીયન સપના વ્યાસ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વેબિનારનું આયોજન ડો. સોનુ ગુપ્તા અને ડો. કૃપા મેહતા ઈવેન્ટ કોઓર્ડીનેટર દ્વારા આવ્યું હતું. આ ઉપરાંત સંસ્થાના ડો. પ્રકાશ ચાવલા, પ્રો. પર્નીકા જહા, ડો. રંજની શ્રીનીવાસન, ડો. સંધ્યા હરકાવત, ડો. શ્વેતા મેહતા, ડો. જિન્સી મેથ્યુ, પ્રો કવન રાણા, પ્રો પ્રીતિ મારવાહે વેબિનારને સફળ બનાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. આ વેબિનારમાં ૯૦ જેટલા લોકો એ ભાગ લીધો હતો.